

# કોઈ કપટ કરે કોઈ કામણ

## પ્રકરણ-18

**રાજ** ભાસ્કર

ઇન્સ્પેક્ટર અગમની આંખો સામે અંધારું છવાઈ ગયુ. એ ક્યાંય સુધી ચુપ રહ્યા. સામેથી કંઈ પ્રતિભાવ ન મળતાં ઈન્સ્પેક્ટર પંડ્યાએ રિપીટ કર્યુ, “સર..! તમને સંભળાય છે ને ! આજે વહેલી સવારે ત્રણ વાગ્યે રવિરાજે આત્મહત્યા કરી લીધી..! હિ ઇઝ ડેડ !” “હા સંભળાય છે બોલ” ઈન્સ્પેક્ટર અગમે આંખો અને હોઠ બંને ખોલવા પડ્યા,” કેવી રીતે મર્યો એ નરાધમ !” “એણે એની બેરેકમાં જ બ્લેડ વડે એની નસો કાપી નાંખી. અમને એના ખિસ્સામાંથી એક ચિઠ્ઠી મળી આવી છે. એના પર તમારા નામનો ઉલ્લેખ છે. હું થોડી જ વારમાં એ ચિઠ્ઠી લઈને તમારે ઘેર આવુ છું.” “ ભલે, પ્રભુને જે ગમ્યું તે ખરું! એ નરાધમને નર્કમાં પણ જગ્યા મળે તો સારું!”

“મળશે સર! નર્કમાં તો મળી જ જશે. છેલ્લે-છેલ્લે એને એની ભૂલ સમજાઈ હતી. એને પસ્તાવો પણ ખૂબ જ થતો હતો. અને એટલે જ એ કદાચ આપણી આગળ બધું સાચે.. સાચું ઓકી ગયો” ઈન્સ્પેક્ટર પંડ્યાની વાતનો ઈન્સ્પેક્ટર અગમે કોઈ જવાબ ના આપ્યો.એમણે લાગ્યું રાતોરાત ઈન્સ્પેક્ટર અગમ બદલાઈ ગયા છે. પહેલાંના ઈન્સ્પેક્ટર અગમ શી ખબર ક્યા ખોવાઈ ગયા. આ ઈન્સ્પેક્ટર અગમ તો સાવ જુદા છે. એકદમ ચૂપ ગંભીર અને અતડા-અતડા.

કલાક પછી ઈન્સ્પેક્ટર પંડ્યા ઈન્સ્પેક્ટર અગમનાં ઓરડામાં બેઠા હતા. ને ઈન્સ્પેક્ટર અગમ રવિવારે લખેલી ચિઠ્ઠી વાંચતા હતાં .રવિરાજ લખતો હતો. : સર હું જાઉં છું આ પૃથ્વી પર માણસ તરીકે જીવવાનો હવે મને કોઈ અધિકાર નથી. મારા પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનો આના સિવાઇ બીજો કોઈ રસ્તો મને દેખાતો નથી. સર મરતો માણસ ક્યારેય ખોટું ન બોલે. તમને છેલ્લે એટલું જ કહેવુ છે કે મેં તમને જે વાત કરી એનો શબ્દે-શબ્દ સાચો છે. મેં રત્નાને નથી મારી. આશા છે કે મારા આ છેલ્લા શબ્દોની નોંધ લેશો અને રત્નાના અસલી ખૂનીને શોધી કાઢશો ત્યાં સુધી મારા આત્માને શાંતિ નહીં મળે . શું કરું સર ? પાપી તો પાપી પણ પ્રેમી છું ને!

“બસ એ જ ,

તમે જેના મોંઢા પર થૂંકવાનું પણ પસંદ નહીં કરો એવો પાપી, રવિરાજ”

ચિઠ્ઠી પૂરી કરીને ઈન્સ્પેક્ટર અગમે સાઈડમાં મૂકી દીધી. પ્રતિભાવની આશાએ ઈન્સ્પેક્ટર પંડ્યા એમની સામે તાકી રહ્યા. આખરે કેટલીયે વાર પછી ઈન્સ્પેક્ટર અગમ એટલું જ બોલ્યા “રવિરાજ સાચો છે એણે રત્નાને નથી મારી ?”

“તો કોણે કતલ કરી હશે?”

“.......”જવાબમાં ઈન્સ્પેક્ટર અગમે મૌન સાથે માથું હલાવ્યું અને વિચારોમાં ગરક થઈ ગયા.

ઈન્સ્પેક્ટર પંડ્યા ઊભા થઈને બહાર નીકળી ગયા. ઈન્સ્પેક્ટર અગમનું આ બદલાયેલુ સ્વરૂપ એમને કંઈક અજુગતું બનવાની એંધાણી આપી રહ્યું હતું.

■ ■ ■

“જાણીતા જાસૂસ અને ઈન્સ્પેક્ટર” અગમકુમારની લાપરવાહીએ બીજી એક વ્યક્તિનો જીવ લીધો. “ઈન્સ્પેક્ટર અગમ નામનો શેર હવે બુઢ્ઢો થઈ ગયો છે. ફરી એના હાથમાંથી શિકાર છટકી ગયો અને નિર્દોષ મરી ગયો.”

“ઈન્દ્રજીત શેઠના ગઢમાંથી ઈન્સ્પેક્ટર અગમે ફરી એક કાંગરો ખેરવી નાખ્યો.”

“બેદરકાર જાસૂસના લીધે બેગુનાહના મોતનો સિલસિલો જારી.”

બીજા દિવસની સવારે છાપાં પર નજર ફેરવતાં જ આવી કેટલીયે હેડલાઈન્સે આદેશના હેડને ફાડી નાખ્યું. ગમે ત્યાંથી ગમે તે સૂંઘી લેતા મિડિયાએ રવિરાજની આત્મહત્યાની અને એની કથા કહાનીની વિગતો મેળવી લીધી હતી અને ઈન્સ્પેક્ટર અગમનાં માથે માછલાં ધોવા માંડ્યાં હતાં. દરેક દરેક છાપામાં ઈન્સ્પેક્ટર અગમની હારને વખોડી કાઢવામાં આવી હતી.આટલો બધો સમય વીતવા છતાં એ હજુ રત્ના શેઠાણીનાં ખૂનીને નહોતા પકડી શક્યા. અને ઉપરથી અંશ, ભોપાકાકા, જાવેદ જેવા નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આ આખો મુદ્દા ટૉક ઓફ ધી ટાઉન

બની ગયો. ચોરે ને ચૌટે, ચાર ચોટલા કે ચાર મૂંછો ભેગી થાય એટલે આ એક જ વાત થતી. ઘણા તો એમ પણ કહેતા કે ખૂનીએ પૈસા ખવડાવી ઇન્સ્પેક્ટર અગમનું મોઢું સીવી લીધું છે.

ઇન્સ્પેક્ટર અગમ ફ્રેશ થઈને નીચે આવ્યા. એમણે આદેશના ફિક્કા પડી ગયેલા ચહેરા સામે જોયું અને પછી ટીપોઈ પડેલા છાપાઓની હેડલાઇન્સ પર નજર નાંખી, “ જો આદેશ, આવી નાની-નાની બાબતોથી ચલિત નહીં થવાનું, મિડિયાને આપણા વખાણ કરવાનો હક છે એમ આપણી ભૂલ પર વખોડવાનો પણ હક છે ઓકે. પણ મહત્ત્વની વાત એ છે કે તને મારા પર વિશ્વાસ હોવો જોઈએ.”

“અરે સર એ શું બોલ્યા ! તમારા પર વિશ્વાસ જ નહીં શ્રધ્ધા પણ છે એટલે આવી બધી બાબતોથી દુખ થાય છે. ”

“ બસ તો પછી વિશ્વાસ રાખજે ! હું બહુ જલ્દી રત્નાના ખૂનીને પકડી પાડીશ. અને એમાં તારો સાથ જોઈશે. હવે આપણું કામ ચાર પાંચ ગણું થઈ ગયું છે. તપાસ બહુ ઓછી છે પણ બહુ તાર્કિક છે.મારા મનમાં એક નમન અને નક્ષાની તે દિવસની વાતને ખટકો રહી ગયો છે. બસ એના પર થોડો શક છે. જો એ બાબત ક્લીયર થઈ જાય તો પછી મારો અંદાજ ....” શેનો અંદાજ સર ..?” “કાંઇ નહીં તું જા અને ગમે તેમ કરી નક્ષાને અહીં લઇ આવ.અને હા નમનને આ



વાતની ખબર ના પડે. એની આંખ હું પારખી ગયો છું . એ નોળિયો હવે સહેજે આપણને સાથ નહીં આપે.”

“ જી, સર !“ બીજી કોઈપણ આડીઅવળી વાત કર્યા વગર આદેશ એના કામે ઉપડી ગયો .

ઇન્સ્પેક્ટર અગમ ફરી એમનાં વિચારોમાં ખોવાઇ ગયા. એમનાં અંદાજમાં ડૂલી ગયા. એમનું દિમાગ અત્યારે જબદસ્ત ઊથલ-પાથલ મચાવી રહ્યું હતું. મનમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું. પણ એમનું બદલાયેલું રૂપ એ આદેશ સામે વ્યક્ત થવા દેવા નહોતા માંગતા. એ અત્યારે ઇન્સ્પેક્ટર અગમ મટીને અર્જુન બની ગયા હતા.એમનું બાણ અને નજર બંને માછલીની આંખ પર જ સ્થિર થઈ ગયા હતા.

■ ■ ■

“સર ! આદેશભાઈ, કહેતા હતા કે નમનના જાનને ખતરો છે. શું થયું છે સર, જલદી કહો...” એ જ દિવસે સાંજે આદેશે નક્ષાને ઇન્સ્પેક્ટર અગમ સામે ખડી કરી દીધી હતી. ઇન્સ્પેક્ટર અગમ એની ચાલાકી જોઈ ખુશ થયા. એને આંખોથી શાબાશી આપી અને પછી નક્ષા સામે જોયું, “ ખતરો તો છે, ખૂબ જ છે.!રત્ના શેઠાણીનો ખૂની હજુ બહારુ બહાર ફરે છે અને મને શક છે કે એ નમન પર જરૂર હુમલો કરશે. અને બીજો ખતરો એ છે કે રત્ના શેઠાણીના ખૂનના દિવસે નમન ખરેખર ક્યાં હતો અને શું કરતો હતો એ બાબતે એ હજુ સાચું બોલતો નથી. શિવમ પણ એ રાત્રે એની સાથે સામેલ હતો એ મને ખબર છે. નમન હવે સાચું નહીં બોલે તો એને એરેસ્ટ કરી લેવામાં આવશે. અને મને એ પણ ખબર છે કે તમે એ વાત સારી રીતે જાણો છો ,હવે તમારે એને બચાવવો હોય તો જણાવો કે એ રાત્રે શું થયું હતું ?તમારે એ બાબતે નમન સાથે ખૂબ ઝઘડો પણ થયો હતો માટે એમ ના કહેશો કે ખબર નથી. ? “ નક્ષા નીચું જોઈ બોલવા માંડી, “તમારી વાત સાચી છે સર !મને ખબર છે કે એ રાત્રે નમન ક્યાં હતો અને એ બાબતે મારી એની સાથે બહુ ઝઘડો પણ થયેલો પણ એ વાત કોઈને કહેવાય એવી નહોતી એટલે નમન જુઠ્ઠુ બોલતો હતો.” “ એટલે કે શેઠાણીનું ખૂન એણે જ કર્યુ છે એમજ ને !” “ના...ના સર!એવું કાંઈ જ નથી. એક્ચ્યુલી એ રાત્રે નમન અને શિવમે દારૂની પાર્ટી રાખી હતી. એ બન્નેએ ખૂબ દારૂ પીધો હતો અને પછી નશામાં ને નશામાં થોડાક છાકટા ખઇ ગયા. એ રાત્રે બન્ને એક કોલગર્લને બોલાવી અને ખૂબ જ મજા માણી હતી. બસ આટલી જ વાત.પણ સવારે જ શેઠાણીનું ખૂન થઇ ગયુ.અચાનક એની પૂછપરછ થતાં એ ગભરાઈ ગયો. એને એમ કે કોલગર્લ અને દારૂની વાત કરી ઘરમાં ઈજ્જત ગુમાવવાં કરતાં જૂઠું બોલી દેવું સારું. એને કોઈનું ખૂન તો કર્યુ નહોતું કે જૂઠ એને સજા સુધી લઈ જાય. એને એમ કે રૂટિન તપાસ છે એકવાર પૂછપરછ કરીને છોડી દેશે . પણ મામલો ધીરે-ધીરે ગંભીરતા પકડતો ગયો. જૂઠું બોલવાનું પરિણામ ભોગવી રહ્યો હતો પણ પછી સાચું બોલવાની હિંમત નહોતી.

શિવમ પણ તમને જોઇને એટલે જ ગભરાઈ જતો હતો પણ બિચારો અકસ્માતમાં મૃત્યુ પામ્યો. આ બધી વાત નમને મારા ગળાના સમ ખાઈને કહી છે સર ! એ કદી મારા સમ ખોટા નથી ખાતો.”

“ ઓકે, તમે જઈ શકો છો! “

“ પણ...સર !નમનને કાંઈ થશે તો નહીં ને! “

“ના....” ઇન્સ્પેક્ચર અગમે વિશ્વાસથી કહ્યું , “ તમે હવે નમનની બિલકુલ ચિંતા ન કરતાં હું બેઠો છું ”

નક્ષા ડોકું ધુણાવી ચુપચાપ બહાર નીકળી ગઇ. જો કે એને કહેવાનું મન તો થઈ જ ગયુ હતું કે, સર, તમે બેઠા છો એટલે જ ચિંતા છે.

નમન અને નક્ષાની આસપાસ ઘૂંટાતું રહસ્ય પણ ખૂલી ગયુ હતું. જો કે એ કેટલું સાચુ છે અને કેટલું ખોટું છે. એ ભગવાન ,સિવાય કોઈ જાણતું નહોતું. ઇન્સ્પેક્ટર અગમને ઊંડે ઊંડે નક્ષાની વાતમાં દમ લાગી રહ્યો હતો.એમણે એની આંખો વાંચી હતી, એના હોઠેથી કાનમાં ઠલવાતા શબ્દોને શકના ટાંકણાથી તરાશી જોયા હતા. એમાં ક્યાંય કપટનો ‘ક’ પણ નજરે નહોતો ચઢતો.

આદેશ પણ મૂંઝાયો હતો. નક્ષાની વાત પર વિશ્વાસ કરવો કે ના કરવો એ જ તેને નહોતું સમજાતુ. આખરે એણે ઇન્સ્પક્ટર અગમને જ પૂછી લીધું, “ સર શું લાગે છે ? આ છોકરી સાચું બોલી રહી છે કે ખોટું?”

“સાચુ, કારણ કે આ વાત મને બીજેથી પણ જાણવા મળી છે. છતાં કંઈ કહી ના શકાય. આપણા પનારે પડેલો ચાલબાજ એટલો કપટી છે કે એ ગમે તેવી જાળ બિછાવી શકે છે.”

ઇન્સ્પેક્ટર અગમનું મગજ ક્યાંય ફરતું હતું અને એ બોલી રહ્યા હતા કાંઇ.

“ સર , એક વાત કહું ?”

“કહે ને?”

“ મને તો લાગે છે કે સૂરજ જીવતો હશે અને આ બધી રમત એજ રમતો રમતો હશે. કારણ કે આજ સુધી આપણને એની લાશ સુધ્ધાં નથી મળી. આપણે આપણા ઇન્વેસ્ટિગેશનમાં સૂરજને યાદ જ નથી કર્યો.”

“ ના,એ ખોટી વાત છે. ઇન્દ્રજીત શેઠે જ્યારે ડ્રાયવર પાણીમાં ખાબક્યાની વાત કરી કે તરત જ મેં અંદરખાને એની તપાસ કરાવેલી. અત્યારે પણ મારા માણસો તપાસ કરી રહ્યાં છે.” “શું વાત કરો છો સર તમે તો કોઇને જાણ પણ ના થવા દીધી.”

“જો આદેશ આ ધંધાનું એક મહત્વનું પાસુ શીખી લે. આપણે જેટલા-જેટલા રસ્તા પર પગેરું શોધવા નીકળીએ એ બધા ક્યારેય જાહેર ના કરી દેવા.નહીંતર એકે રસ્તો તમને મંજિલ સુધી નહીં પહોંચાડે. બધે પથરા જ મળશે.... સૂરજ સહિત ઘણી બધી તપાસો એવી ચાલી રહી છે એની મેં તને પણ જાણ થવા દીધી નથી.” ઇન્સ્પેક્ટર અગમનો જવાબ સાંભળી આદેશનું મોં પડી ગયુ. ઇન્સ્પેક્ટર અગમ એનો અણગમો પારખી ગયા,” જો આદેશ આમાં નારાજ થવાની જરૂર નથી. મને તારા પર અવિશ્વાસ ના હોય. પણ જે વાત

આપણે જાણતા હોઇએ એ જ વાત આપણી આંખોમાં ડોકાયા વગર નથી રહેતી સમજ્યો.''

"બરાબર છે, સર ! પણ મેં કીધું એ બની શકે ને. હજુ તમને સૂરજની લાશ નથી મળી. આટલા વર્ષો પછી મળવાની શક્યતા પણ નથી એટલે મારુ મન ત્યાં ચોંટે છે.''

"બની શકે કેમ ના બની શકે.'' ઇ.અગમે આદેશની વાતનું સમર્થન કરતાં કહ્યું, "સૂરજ જીવતો હોય એમ પણ બને, એ ખૂની હોય એ પણ બને, અને આપણા બેમાંથી એક ખુની હોય એમ પણ બને. પણ તાર્કિક રીતે બધું બંધ બેસે અને પુરાવા મળે ત્યારે જ 'બની શકે' 'બની ગયું' કહેવાય.'' ઇન્સ્પેક્ટર અગમે સિગરેટ જલાવી. એક લાંબો કસ ખેંચ્યો અને હોલના પગથિયાં ચડી ગયા. આદેશ એના બદલાયેલા સરને ધુમાડાનાં ગોટે-ગોટા જેમ જ વિલીન થતો જોઇ રહ્યો.

■ ■ ■

ધુમાડો અહી પણ હતો.ધુમાડાનાં ગોટે-ગોટા વચ્ચે ઇન્સ્પેક્ટર અગમ એમના ઓરડામાં આરામ ખુરશીમાં બેસીને કામ કરી રહ્યા હતા. માનસિક કામ. ઇન્દ્રજીત મહેતાના કુટુંબનો એક પછી એક ચહેરો એમની નજર સામેથી પસાર થઇ રહ્યો હતો. નોકર-ચાકર, અને દૂરદૂરનાં સંબંધીઓ સહિત તમામ ચહેરાઓ ડોકિયા કરી રહ્યા હતા. એમાંથી કોઇએક ચહેરા પર મહોરું ચઢેલું હતું. ઇન્સ્પેક્ટર અગમ એ ચહેરા પરથી મહોરું ઊતારવા માંગતા હતા. એક ઝાટકે એને ઉખાડીને ફેંકી દેવા માંગતા હતા પણ ચહેરા અને મહોરા જાણે એક થઇ ગયા હતા. અહીં બેઠા-બેઠા જ એ ઇન્દ્રજીત મહેતા,રવિન્દ્ર મહેતા,નમન અને રામજી કાકા સહિત એક-એકને એડીચોટી ચકાસી રહ્યા હતા. એમનાં વર્ષોના અનુભવનો અર્ક ચઢાવેલ ટાંકણા વડે એ માણસને કોતરીને એમાંનો પથરો કાઢી રહ્યા હતા. ખૂબ ઝીણી-ઝીણી કોતરણી ચાલી રહી હતી. એમને અંદાજ હતો પણ ખાતરી તો નહોતી જ કે કયા માણસમાંથી પથરો ઉપજવાનો હતો. એ પરિણામ તો હજુ કાળનાં ગર્ભમાં કેદ હતુ. વેણ ઊપડી ચુકી હતી બસ છૂટકારો થવાની જ વાર હતી. અને ઇન્સ્પેક્ટર અગમ એમની તમામે તમામ શક્તિઓ લગાડીને કામે લાગી ગયા હતા.

■ ■ ■

"આદેશ.... ! " ઇન્સ્પેક્ટર અગમની બૂમ પડી. ત્રણ-ત્રણ દિવસમાં સતત વિચારો અને અનુમાનોના અંતે ઇન્સ્પેક્ટર અગમ એક તારણ પર આવ્યા હતા. " આદેશ, આપણે આજે જ ઇન્દ્રજીત મહેતાના બંગલાની તપાસ કરવી છે.''

" પણ, સર આપણે તો ઘણી વાર તપાસ કરી ચુક્યા છીએ. આપણને ત્યાંથી મળવાનું હતું એ મળી ગયું હવે કશું મળે એમ લાગતું નથી.''

" એ જરૂરી નથી આદેશ ! એકની એક ચીજ દસ વાર જુઓ તો દસે વાર કંઇક નવું દેખાય જ. અને મને વિશ્વાસ છે કે એ બંગલામાંથી આ વખતે એ નવું જરૂર મળી જશે. ત્યાં ઘણા બધા એવા ખૂણા છે જે ઘણાબધા કારણસર આપણા ધ્યાન બહાર રહી ગયા છે.પણ એ બધી લપ કરવાનો અત્યારે સમય નથી. તું ઝડપથી તૈયાર થઇ જા.

ઇન્સ્પેક્ટર અગમ અને આદેશ ઇન્દ્રજીત મહેતાના ઘરે પહોંચ્યા ત્યારે સવારના દસ વાગી રહ્યા હતા. એ બંગલાના પગથિયા ચડી રહ્યાં હતા ત્યાં જ એમને નમન અને ઇન્દ્રજીત મહેતા સામે મળ્યા.

" યેસ, પ્લીઝ ? " ઇન્દ્રજીતે કડકાઇથી પૂછ્યું.

" ગુડ મોર્નિંગ મિ.ઇન્દ્રજીત. બસ તમને છેલ્લી તકલીફ આપવા આવ્યો છું. મારે તમારા બંગલાની તપાસ કરવી છે. જો મહેરબાની કરીને તમે બધાંને થોડાક કલાકો માટે....'' પણ ઇન્દ્રજીત મહેતાએ એમને અધવચ્ચે જ અટકાવી દીધા. " ઇન્સ્પેક્ટર અગમ કાન ખોલીને સાંભળી લો. હવે આ તરફ ક્યારેય ફરકતા નહીં. મારે કોઇ જ તપાસ નથી કરાવવી, અન્ડરસ્ટેન્ડ ! ઇન્સ્પેક્ટર અગમને આવા પ્રતિભાવનો અંદાજ હતો જ. બધું જ એમની ધારણા મુજબ થઇ રહ્યું હતું. ઇન્દ્રજીત મહેતાની કડકાઇ છતાં પણ એ શાંત જ રહ્યા.

"જુઓ મિ. ઇન્દ્રજીત , આ કેસ મારા હાથમાં છે. એટલે તપાસ કરકવાનો મને અધિકાર છે.''

"તો આ કેસ અત્યારે જ હું પાછો ખેંચું છું.''

"મિ.ઇન્દ્રજીત આવું ગાંડપણ ના કરો......''

બસ થઇ રહ્યું. નમનની કમાન છટકી ગઇ, "એય ઇન્સપેક્ટર મોઢું સંભાળીને વાત કરો, તમને એકવાર ના પાડી દીધી ને ! ખબર નથી પડતી, ગેટઆઉટ !'' નમને પોતાના પિતાનું ખેંચ્યું તો આદેશે પોતાના સાહેબનું, એણે તો નમનની બોચી જ પકડી લીધી , "એય તારી ટેણી અંદર જ રાખજે, તને ખબર નથી તું કોની સાથે વાત કરી રહ્યોં છે.''

જોતજોતામાં મામલો વધુ બિચકી ગયો. આદેશ અને નમન વચ્ચે સારી એવી ઝપાઝપી પણ થઇ ગઇ.થોડીજ વારમા પોલીસ પણ આવી ગઇ. ઇન્સ્પેક્ટર પંડ્યાએ વચ્ચે પડી મામલો સમેટવાની ખૂબજ કોશિશ કરી પણ કોઇ પક્ષ પોતાની જીદ છોડવા તૈયાર નહોતો. ઇન્સ્પેક્ટર અગમ અંદર જઇ તપાસ કરવા માંગતા હતા પણ ઇન્દ્રજીત અને નમન કોઇપણ ભોગે પરવાનગી આપવા તૈયાર નહોતા.

જોતજોતામાં વાતનું વતેસર થઇ ગયુ હતું. બહાર લોકોની ભીડ જામી ગઇ હતી. અને પત્રકારો પણ આવી ગયા હતા. જો કે વાતમાં કંઇજ નહોતુ. ઇન્દ્રજીત અને નમન ફકત વટે ભરાયા હતા. એમને ઇન્સ્પેક્ટર અગમની કાર્યક્ષમતા પર જરા પણ વિશ્વાસ નહોતો રહ્યો. જે માણસે આટલો બધો સમય વેડફીને તપાસ કરવા છતાં સ્વજનોનાં મોત સિવાય કશું નહોતુ આપ્યું એને બંને બાપ-દીકરો હવે ઘરમાં પગ પણ મૂકવાં દેવા નહોતા માંગતા. ખૂનીના પગલા જેલમાં ન પડે તો કાંઇ નહીં પણ આ માણસનાં પગલાં તો ઘરમાં ન જ પડવા જોઇએ.

આખરે મિડિયાની વધારે પડતી ભીડ જોઇને ઇન્સ્પેક્ટર અગમે પીછેહઠ કરવી પડી. એ પોતાની જીદ છોડી પાછા વળી ગયા. પણ આ પીછેહઠ ચિત્તા જેવી હતી. ચિત્તો જેમ પોતાના શિકાર પર તરાપ મારતા પહેલાં બે ડગલાં પાછળ હઠે છે એમ ઇન્સ્પેક્ટર અગમ પાછળ હઠ્યા હતા.

■ ■ ■

બારી અને બારણાં ચપોચપ બંધ હતાં તો પણ શી ખબર ક્યાંથી તમરાંનો અવાજ કૂદીને અંદર આવતો હતો. પોતાના સેન્સલેસ વિચાર પર ઇન્સ્પેક્ટર અગમને હસવું આવી રહ્યું હતું. પાછા બીજી જ પળ એ ગંભીર થઇ ગયા. રાતના ત્રણ વાગી રહ્યા હતા. રાતનું અંધારું ચરમસીમાએ ઘટ્ટ બન્યું હતું. પથારીમાં આડા પડેલા ઇન્સ્પેક્ટર અગમને પોતાની જાત પણ નહોતી દેખાતી. બપોરે ઇન્દ્રજીત મહેતાના ઘરેથી પીછેહઠ કરી પાછા ફર્યા ત્યારના એ આ ઓરડામાં ભરાઇ ગયા હતા. બધાને તો પહેલા કોળિયે માખ પડે પણ એમને તો છેલ્લે કોળિયે માખ પડી હતી અને જમેલું ભોજન ઓકાવી નાખ્યું હતુ. ખૂનીનો કોલર બસ હાથવેંત જ છેટો હતો અને ઇન્દ્રજીત મહેતાએ આખી બાજી બગાડી નાખી. વારે ઘડીએ એમનું મન બંગલામાં ઘૂસીને ખણખોદ કરવાં માંડતું. અંધારામા ખૂનીનો અટહાસ્ય કરતો ચહેરો ઊપસી આવતો અને ચિચિયારીઓ કરતો. ગણીતના બધે-બધા કોયડાઓ ઉકેલાઇ ગયા હતા. એક-એક કડી બરાબરની બંધ બેસી ગઇ હતી બસ એક પુરાવારૂપી કડી બાકી હતી અને બંગલામાં પ્રવેશ સાથે જ એ પણ મળી જવાની હતી. પણ ! ઇન્સ્પેક્ટર અગમે કાળી ડિબાંગ રાતને હલબલાવી મૂકે એવો નિસાસો નાખ્યો.

પણ એ હાર નહોતા માન્યા. ગમે તે થાય ! આ કેસનો અંત લાવે જ છુટકો. ભલભલા ચાલબાજોને આપણે ધૂળ ચાટતા કરી મૂક્યા હતા તો આ વળી કઇ ખેતની મૂળી. ઇન્સ્પેક્ટર અગમે નક્કી કરી લીધું કે ગમે થાય, ઇન્દ્રજીત મહેતા ઊંચા થઇને પડતા થાય,કે પોતાનો જીવ અને ઇજ્જત બંને ગુમાવવા પડે પણ

**એ રાત્રે બન્ને એક કોલગર્લને બોલાવી અને ખૂબ જ મજા માણી હતી. બસ આટલી જ વાત.પણ સવારે જ શેઠાણીનું ખૂન થઇ ગયુ.અચાનક એની પૂછપરછ થતાં એ ગભરાઈ ગયો. કોલગર્લ અને દારૂની વાત કરી ઘરમાં ઈજ્જત ગુમાવવાં કરતાં જૂઠું બોલી દેવું સારું. એને કોઈનું ખૂન તો કર્યુ નહોતું કે જૂઠ એને સજા સુધી લઈ જાય**

એકવાર આ કેસનો અંત લાવવો છે. એકવાર ખૂનીનો ચહેરો જોવો છે, એકવાર એની પાસે કબૂલ કરાવવું છે કે રત્નાને એણે મારી છે. બસ એકવાર.

■ ■ ■

‘‘શહેરના કરોડપતિ બિઝનેસમેન ઇન્દ્રજીત મહેતાના દીકરા નમન પર જાણીતા જાસૂસ ઇન્સ્પેક્ટર અગમ દ્વારા હુમલો.’’ ‘‘ઇન્સ્પેક્ટર અગમના ગુંડાઓએ ઇન્દ્રજીત શેઠના દીકરા પર હુમલો કર્યો.’’

સવારે ઊંઘ્યા વગર જ ઊઠેલા ઇન્સ્પેક્ટર અગમ અખબારોની હેડલાઇન વાંચી છળી ગયા. આજે પહેલી વાર એમને મિડિયા અને પત્રકારો પર ખીજ ચડી. નમન અને આદેશ વચ્ચે ઝપાઝપી થઇ હતી એને આ લોકો હુમલો ગણાવતા હતા. એમણે ગુસ્સાથી છાપાનો ઘા કર્યો. ત્યાં જ આદેશ બાથરૂમ માંથી બહાર આવ્યો, ‘‘આદેશ જોયું..તે આ જોયું ! આ સાલાઓ સનસની ઊભી કરવા ગમે તે છાપી મારે છે. પોતાના સ્વાર્થ ખાતર સમાચારને ગમે તેમ મારી મરડીને રજૂ કરે છે. આ લોકોની આવી અવળચંડાઇ જ બધા કેસો બગાડી નાંખતી હોય છે. આપણો કેસ પણ બગડી જવાનો જોજે.’’‘‘અરે, સર ! તમે આની શું વાત કરો છો કાલ બપોરથી જ બધી ટી.વી. ચેનલો પર આપણા માથે માછલાં ધોવાઇ રહ્યાં છે. બસ મારી નમનની ઝપાઝપીની એક જ ક્લીક વારેઘડીએ બતાવે છે અને આખીએ વાતને હુમલો ગણાવે છે. આ બાબતે પબ્લિક ઓપિનિયમ પણ લે છ અને તમને કાઢી મૂકવાની માંગણી...’’આદેશે વાત અધૂરી છોડી દીધી. ઇન્સ્પેક્ટર અગમ સમજી ગયા વાત બહુ ગંભીર છે. શહેર આખામાં હાહાકાર મચી ગયો છે. રત્ના શેઠાણીનાં ખૂનથી ગઇકાલની ઘટના સુધીની વિગતો ચેનલો અને અખબારોમાં રજૂ થઇ રહી હતી અને ઇન્સ્પેક્ટર અગમને એક ગુનેગાર તરીકે ચિતરવામાં આવી રહ્યા હતા. તમામ ખૂનોના જવાબદાર એમને ગણવામા આવતા હતા. જે લોકોને ધોવા-વીછળવાની પણ ખબર નહોતી પડતી એ ઇમ્સ્પેક્ટર અગમને બરતરફ કરવાની અને લાત મારી કાઢી મુકવાની વાત કરતા હતા. મિડિયાના મયદાનવે ઇન્સ્પેક્ટર અગમને નાસીપાસ કરી દીધા. એ વિચારોના દલદલમાં ખૂંપીને પડ્યા હતા ત્યાં જ એમનો મોબાઇલ રણક્યો,

‘‘હેલ્લો...!’’

“ગુડ મોર્નિંગ સર ! સી.એમ. ઓફિસ માંથી પી.એ.શર્મા બોલું છું. સી.એમ. સાહેબે તમને તાત્કાલિક ઓફિસે બોલાવ્યા છે.’’

‘‘જી,કલાકમાં જ આવું છું’’ ઇન્સ્પેક્ટર અગમે ‘‘આવું છુ’’ એવો જવાબ તો આપ્યો પણ એ સમજી ગયા કે હવે ‘‘જવાને’’ સમય થઇ ગયો છે. એમની સિક્સ્થ સેન્સે એમને કહી દીધું કે, ઇન્સ્પેક્ટર અગમ! તમારી કારકિર્દી પૂરી. આ કેસ પણ સોલ્વ થાય તો સારું. તમારો આ ઇજ્જતના ધંધા માંથી બેઇજ્જત થઇને બહાર નીકળવાનો સમય આવી ગયો છે.

કલાક પછી એ મુખ્યમંત્રી સામે બેઠા હતા. એમની સાથે ગૃહમંત્રી,અને કમિશનર સાહેબ પણ હતા. એ

ઇન્સ્પેક્ટર અગમને એક ગુનેગાર તરીકે ચિતરવામાં આવી રહ્યા હતા. તમામ ખૂનોના જવાબદાર એમને ગણવામા આવતા હતા. જે લોકોને ધોવા-વીછળવાની પણ ખબર નહોતી પડતી એ ઇમ્સ્પેક્ટર અગમને બરતરફ કરવાની અને લાત મારી કાઢી મુકવાની વાત કરતા હતા.

ત્રણે મહાનુભાવોની સામેની ખુરશીમાં ગોઠવાયા. કમિશનર સાહેબે ટુ ધી પોઇન્ટ વાત શરૂ કરી, ‘‘ઇન્સ્પેક્ટર અગમ તમારી પાસેથી આવી અપેક્ષા નહોતી.’’‘‘પણ, સર !આ આખીય વાતને મિડિયાએ ચગાવી મારી છે.’’‘‘એ બધું અમને ખબર છે. તેમ છતાં તમારો વાંક પણ ઓછો નથી. અમારે તમને કહેવાની જરૂર નથી કે તમારી અમુક ભૂલોને લીધે ઇન્દ્રજીત મહેતાએ પોતાના કેટલા સ્વજનો ગુમાવ્યાં છે.’’‘‘સર એ ભૂલ એમની હતી. મારી તપાસમાં એમણે યોગ્ય સહકાર ન આપ્યો એટલે ...’’

‘‘એ બધું ભૂલી જાવ.’’ મુખ્યમંત્રી સાહેબ મુદ્દાની વાત કરી, ‘‘કાયદેસર રીતે ઇન્દ્રજીત મહેતા કેસ પાછો ખેંચી લે પછી તમારાથી એમના ઘરમાં પ્રવેશ ના કરાય, એ ગુનો બને છે.’’ ‘‘બધી વાત બરાબર સર ! પણ મારે આ કેસ પૂરો કરવા હવે એકવાર બંગલાની તપાસ કરવી જરૂરી છે.’’

વાત ચાલતી હતી ત્યાંજ પી.એ.નો મેસેજ આવ્યો . ‘‘સર,મિ.ઇન્દ્રજીત મહેતા આવી ગયા છે.’’

‘‘એમને અંદર મોકલો.’’ કમિશનર સાહેબે જવાબ આપ્યો.થોડીવારે ઇન્દ્રજીત મહેતા અંદર આવ્યા અને ઇન્સ્પેક્ટર અગમ સામે ગોઠવાઇ ગયા.’’

‘‘ઇન્સ્પેક્ટર અગમ હવે એક વાત સાંભળી લો, આ કેસ હવે બહુ ચેરાઇ ગયો છે. તમારી કાર્યક્ષમતા અને બુદ્ધિક્ષમતા પર અમને બધાને વિશ્વાસ છે. પણ લોકો તમારી હકાલપટ્ટીની માંગણી કરી રહ્યા છે. અને ઇન્દ્રજીત મહેતાએ પણ તમારી વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.માટે જ અમે તમને બંનેને અહીં એકસાથે બોલાવ્યા છે.જો તમે બંને સમાધાન કરી વચ્ચેનો કોઇ રસ્તો કાઢો તો ઠીક છે નહીંતર અમારે જ કોઇક નિર્ણય લેવો પડશે.’’

પછી પૂરા એક કલાક સુધી ચર્ચા ચાલી. પણ વાત ત્યાં જ અટકી હતી.ઇન્સ્પેક્ટર અગમ બંગલાની તપાસ કરવા માંગતા હતા અને ઇન્દ્રજીત શેઠ એ માટે કોઇ કાળે તૈયાર નહોતા.આખરે મુખ્યમંત્રીએ, કમિશનરએ અને ગૃહમંત્રીએ ત્રણેય ભેગા મળીને જ નિર્ણય કરવો પડ્યો. બંને પક્ષ પોત-પોતાની રીતે સાચા હતા. ઇન્સ્પેક્ટર અગમ પણ જ્વલંત કારકિર્દી ધરાવતા એક અગ્રણી ઓફિસર હતા. તો ઇન્દ્રજીત મહેતા પણ કાંઇ કમ નહોતા. એમણે પોતાના સ્વજનો ગુમાવ્યા હતા એટલે એ પણ એમના નિર્ણય પર સાચા હતા. અને એક જાસૂસ તરીકે ઇન્સ્પેક્ટર પણ સાચા હતા. એ રીતે એમની હકાલપટ્ટી કરવી યાગ્ય નહોતી.

આખરે ભારે મનોમંથનને અંતે મુખ્યમંત્રી સાહેબે બંનેને ધ્યાનમાં રાખી એક નિર્ણય કર્યો. એ નિર્ણય ઓછો હતો અને ઓર્ડર વધારે હતો, એમણે પોતાનો ઓર્ડર કમ નિર્ણય જાહેર કર્યો, ‘‘મિ.ઇન્દ્રજીત તમારી સામાજિક ઇજ્જત આબરું અને ઇન્સ્પેક્ટર અગમની કારકિર્દીને ધ્યાનમાં રાખીને નિર્ણય કર્યો છે. જે તમારે બંનેએ માન્ય રાખવાનો છે.’’ પછી એ ઇન્સ્પેક્ટર અગમ તરફ ફર્યા , ‘‘મિ.અગમ તમને આવતી કાલે આઠ વાગ્યાથી પૂરા ચોવીસ કલાકનો સમય આપવામાં આવે છે. એ ચોવીસ કલાક દરમ્યાન તમે ઇન્દ્રજીત મહેતાના બંગલાની તપાસ પણ કરી શકશો. કાલે સવારે આઠથી બીજા દિવસે સવારે આઠ સુધી બંગલામાં કોઇ નહીં રહે. તમે ફ્રી છો પણ....

પણ જો ચોવીસ કલાકમાં તમે પુરાવાઓ સહિત ખૂનીને હાજર નહીં કરો તો તમારે આ નોકરી ગુમાવવી પડશે. એટલું જ નહીં તમે જાસૂસ તરીકે પ્રઇવેટ પ્રક્ટીસ પણ નહીં કરો. એ જ ઘડીએ નોકરી માંથી તમારી હકાલપટ્ટી કરવામાં આવશે. યાદ રહે માત્ર ચોવીસ કલાક’’ ‘‘જી, મંજુર છે.’’ ઇન્સ્પેક્ટર અગમે હાથમાં આવેલી તક ઝડપી લીધી. એમને ખબર હતી આ નિર્ણયમાં એમની કારકિર્દી અને ઇજ્જત બંને દાવ પર લાગી રહ્યાં છે છતાં એમણે આ નિર્ણય કરવો પડ્યો હતો.

મુખ્યમંત્રીના મુખે બંગલાની તપાસની વાત સાંભળી પહેલાં તો ઇન્દ્રજીત શેઠ મૂંઝાઇ ગયા હતા પણ માત્ર ચોવીસ કલાક ટાઇમ લિમિટની વાત થતાં એ પણ માની ગયા. એમણે ખંધું હસીને પરવાનગી આપી દીધી. એમને હતું જે માણસ આટ-આટલા મહિનાઓ સુધી કાંઇ ન ઉકાળી શક્યો એ ચોવીસ કલાકમાં શું ખાક ઉકાળશે.

ઇન્સ્પેક્ટર અગમે એમની કારકિર્દી દાવ પર લગાવી હતી તો ઇન્દ્રજીત શેઠે એમની ઇજ્જત. બંનેના મનમાં અત્યારે વિચારોનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું. ઇન્સ્પેક્ટર અગમ વિચારી રહ્યાં હતા કે ગમે તેમ થાય ચોવીસ કલાકમાં ખૂનીનો કાંઠલો પકડી પોલીસના હવાલે કરી દેવો છે અને ઇન્દ્રજીત શેઠ વિચારી રહ્યા હતા કે આ માણસ ગમે તે કરી લે પણ ચોવીસ કલાકમાં તો ખૂની નહીં જ શોધી શકે.

બરાબર એ જ વખતે અગોચરના સિંહાસને બેઠેલો વિધાતા બંનેના ભવિષ્યનું આલેખન કરી રહ્યો હતો જેના શબ્દો એક એવા સત્યની સાક્ષી પૂરી રહ્યા હતા જેની આ બંને મહારથીઓએ કલ્પના પણ નહીં કરી હોય. ■